# માર્થા ઈસુનાં મિત્ર
## ફાધર વગીર્સ પૉલ

યોહાનકૃત શુભસંદેશ કહે છે, "ઈસુને માર્થા અને તેની બહેન (મરિયા) તેમ જ લાઝરસ ઉપર પ્રેમ હતો" (યોહાન ૧૨, ૫). લાઝરસ અને તેમની બે બહેનો ઈસુનાં નિકટમાં નિકટનાં મિત્રો હતાં.

ઈસુ બેથાનિયામાં હોય કે એ ગામની પાસેથી જતા હોય ત્યારે બેથનિયામાં રહેતાં પોતાનાં મિત્રોના મહેમાન બનવામાં ઈસુ ચૂકતા નહોતા.

ચાર શુભસંદેશોમાં ફક્ત લૂકકૃત અને યોહાનકૃત શુભસંદેશ જ માર્થા અને એમની બહેન મરિયમનાં નામો આપે છે. લૂકે વર્ણવેલા ઈસુના એક મુલાકાતના પ્રસંગમાંથી આપણને માર્થા અને મરિયમનાં પાત્રોના આગવા ગુણોનો આપણને ખ્યાલ આવે છે.

માર્થા અને મરિયમના ઘરની ઈસુની મુલાકાતનું લૂકે સરસ વર્ણન કર્યું છે.

"પ્રવાસ કરતા કરતા ઈસુ એક ગામમાં આવી પહોંચ્યા અને ત્યાં માર્થા નામની એક બાઇએ પોતાના ઘરમાં તેમનું સ્વાગત કર્યું. તેને મરિયમ કરીને એક બહેન હતી. તે પ્રભુના ચરણ આગળ બેસીને તેમનાં વચન સાંભળતી હતી. દરમિયાન માર્થા વિવિધ સેવાસત્કાર કરવા દોડધામ કરતી હતી; તે ઈસુ પાસે આવીને બોલી,'પ્રભુ, મારી બહેને બધું કામ મારી એકલી ઉપર નાખ્યું છે, એનું તમને કશું નથી લાગતું? તમે એને કહોને કે મને હાથ લાગે.'

"પણ પ્રભુએ જવાબ આપ્યો, 'માર્થા, માર્થા, તું અનેક વસ્તુની ચિંતા કરે છે અને બાવરી થાય છે; પણ, ખરું જોતાં જરૂર તો એક વસ્તુની જ છે; આ મરિયમે શ્રેષ્ઠ ભાગ પસંદ કર્યોર્ છે, અને તે એની પાસેથી છીનવી લેવામાં નહિ આવે' " (લૂક ૧૦, ૩૮-૪૨).

દેખીતી રીતે બંને બહેનોમાં માર્થા મોટી છે અને તેઓ મિત્ર ઈસુની મહેમાનગિરી કરવામાં ખૂબ રોકાયેલાં હતાં. તેઓ ઈસુ અને એમના શિષ્યો માટે સુન્દર ભોજન તૈયાર કરવામાં મંડયાં રહ ા ા ં હતાં. એમની બહેન મરિયમ પણ માર્થાને મદદ કરે તો ભોજન ખૂબ સરસ રીતે જલદી તૈયાર કરી શકાય. બન્ને બહેનો ભોજન તૈયાર કરે ત્યારે ઈસુ અને તેમના શિષ્યો ઘરમાં એશઆરામ કરી શકે છે. આવી વિચાર અને ભાવનાથી ભોજનની વ્યવસ્થામાં મંડયાં રહેલાં માર્થાએ ઈસુ પાસે આવીને ફરિયાદ કરી કે, "પ્રભુ, મારી બહેને બધું કામ મારી એકલી ઉપર નાખ્યું છે, એનું તમને કશું નથી લાગતું? તમે એને કહોને કે મને હાથ લાગે."

પરંતુ ઈસુ અને મરિયમને મહેમાનગિરી વિશે માર્થાથી વિભિન્ન ખ્યાલ હતો. એટલે ઈસુ માર્થાને કહે છે કે, "માર્થા, માર્થા, તું અનેક વસ્તુની ચિંતા કરે છે અને બાવરી થાય છે; પણ, ખરું જોતાં જરૂર તો એક વસ્તુની જ છે; આ મરિયમે શ્રેષ્ઠ ભાગ પસંદ કર્યો છે, અને તે એની પાસેથી છીનવી લેવામાં નહિ આવે' " (લૂક ૧૦, ૪૧-૪૨). અહીં આપણે જોઇ શકીએ કે માર્થા પોતાના કામમાં મંડયા રહેનાર કર્મિષ્ઠ અને સખત મહેનત કરનાર વ્યકિત તરીકે ઓળખી શકીએ છીએ. માર્થા તો મહેમાનગિરીને ખૂબ મહત્ત્વ આપનાર પાત્ર છે.

યોહાનકૃત શુભસંદેશમાં આપણને માર્થાનાં વિભિન્ન પાસાં આપણને જોવા મળે છે. માર્થા ઊંડી શ્રદ્ધાવાળી બહેન છે. તેઓ પોતાના કૌટુંબિક મિત્ર ઈસુ પર ઊંડો ભરોસો રાખે છે. એટલે પોતાના ભાઇ લાઝરસના મૃત્યુ પ્રસંગે બંને બહેનો પોતાના કૌટુંબિક મિત્ર ઈસુને સંદેશ મોકલી એમના મૃત્યુની જાણ કરે છે.

યોહાનકૃત શુભસંદેશના આખા અગિયાર અધ્યાય બતાવે છે કે ઈસુ લાઝરસ અને એમનાં બે બહેનો સાથે ખૂબ નજીકનો સંબંધ રાખતા હતા.

માર્થાને ઈસુએ કહ્યું, "હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું. જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ, તે જીવતો થશે; બલકે, મારામાં શ્રદ્ધા રાખનાર કોઇ પણ જીવતો માણસ કદી મૃત્યુ નહિ પામે. તું આ માને છે?" (યોહાન ૧૧, ૨૫-૨૬).

માર્થાનો જવાબ તેમની ઊંડી શ્રદ્ધાનો સુન્દર દાખલો છે. "માર્થાએ કહ્યું, 'જી પ્રભુ, હું માનું છું કે જગતમાં આવનાર હતા તે ખ્રિસ્ત, ઈશ્વરના પુત્ર, આપ જ છો' " (યોહાન ૧૧, ૨૭).

ઈસુ અને માર્થા વચ્ચેનો આ સંવાદ ખ્રિસ્તી લોકોએ દફનવિધિ વખતે ખાસ વાંચવામાં આવે છે અને ઈસુ અને તેમના ત્રણ મિત્રો સાથેની મિત્રતાનો સંબંધ આપણે માણી શકીએ છીએ.

ઊંડી શ્રદ્ધા અને ખરી મિત્રતાનો સુંદર દાખલો આપણને માર્થા પૂરો પાડે છે. ભલમનસાઇવાળા બધા લોકો ઈસુ સાથે શ્રદ્ધા અને મિત્રતાનો આવો સંબંધ રાખી શકે છે